## મોડ્યુલ 3 - બજેટિંગ પ્રવૃત્તિ પત્રક 3-6 – આપનું પોતાનું બજેટ બનાવવું

**પગલું 1 - તૈયાર થાઓ.** આપને જોઈતાં બધાં કાગળો ભેગાં કરો. આમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- વેતન રસીદો
- સરકારી ચેક્સ અથવા ડાયરેક્ટ ડિપોઝિટ નોટિસની રસીદો
- રસીદો
- બિલ્સ
- બેન્ક અને ક્રેડિટ કાર્ડના સ્ટેટમેન્ટ્સ
- લોનનાં દસ્તાવેજો.

**પગલું 2 - આવક.** મહિનામાં આપના આવકનાં બધા સ્રોતોની યાદી લખો. મહિનામાં પ્રત્યેક સ્રોતમાંથી આપને કેટલું મળે છે તે લખો. તેનો સરવાળો કરો. આ આપની કુલ માસિક આવક છે.

**પગલું 3 - ખર્ચાઓ.** આપના બધા ખર્ચાઓની યાદી આપો. પ્રથમ નિયત ખર્ચાઓ માટેની રકમ ભરો. આ બિલ પર સૂચવેલા હોવાની સંભાવના છે અથવા પ્રત્યેક મહિને તે બદલાતાં ન હોય તેમ બની શકે છે. ત્યારબાદ, આપના પ્રત્યેક ચલાયમાન વર્ગોમાં આપ કેટલો ખર્ચ કરો છો તેનો અંદાજ કાઢવા માટે આપનો શ્રેષ્ઠ પ્રયત્ન કરો.

**સીઝનલ ખર્ચ**માં આપના વાર્ષિક વીમાન ખર્ચાઓ, બાળકો માટે શાળાએ જવાના કપડાં અથવા રજામાં ભેટ ખરીદવાનો સમાવેશ થાય છે. કુલ વાર્ષિક ખર્ચને 12 વડે ભાગીને સરેરાશ માસિક રકમ મેળવો. આપના માસિક બજેટમાં તેને નિયત ખર્ચ તરીકે સામેલ કરો.

**ઉદાહરણ:** કાર ઈન્શ્યૉરન્સમાં પ્રત્યેક વર્ષે આપને $800 માટે બિલ મળે છે. $800ને 12 વડે ભાગો. આપને $66.67 મળશે. કાર ઈન્શ્યૉરન્સ માટે આપનો નિયત આ માસિક ખર્ચ છે.

**આપને પોતાને પ્રથમ ચૂકવો:** જો આપ કોઈ લક્ષ્ય માટે બચત કરવા માંગતા હો, તો આપના લક્ષ્યનો કુલ ખર્ચ લો અને આપ તેના માટે જે બચત કરવા માંગતા હો તેને મહિનાઓની સંખ્યા વડે ભાગો. આપના બજેટમાં તેને નિયત ખર્ચ તરીકે સામેલ કરો.

ઉદાહરણ: દોઢ વર્ષમાં આપ નવું કમ્પ્યૂટર ખરીદવાનું આયોજન કરો છો. તેનો ખર્ચ $1000 થશે. $1000ને 18 મહિના વડે ભાગો. આપને $55.56 મળશે. આ આપના લક્ષ્ય માટે આપનો નિયત માસિક બચત ખર્ચ છે.

**બચતની ટિપ:** આપ આપના ખર્ચના ખાતામાંથી સીઝનલ ખર્ચાઓ અને બચતના લક્ષ્યની રકમને અલગ બચત ખાતામાં રવાના કરી શકો છો. જો આપ પ્રત્યેક મહિને તેમ કરો તો નાણાંની વૃદ્ધિ થશે. જ્યારે આપને જરૂર હોય ત્યારે ખર્ચ કરવા માટે તે ઉપલબ્ધ હશે.

**પગલું 4 - ગણતરી કરો**

આપના કુલ માસિક ખર્ચાઓને ઉમેરો. આપની કુલ માસિક આવકમાંથી આ રકમને બાદ કરો. આપની પાસે નાણાં બાકી છે? અથવા આપ કમાઓ છો તેના કરતાં વધારે ખર્ચ કરો છો?

**પગલું 5 - આપના બજેટને સુધારો**

જો આપના ખર્ચાઓ આપની આવક કરતાં વધારે હોય તો પ્રામાણિકપણે અને વાસ્તવિક રીતે વિચાર કરો. આપ ખર્ચાઓ પર ક્યાં કાપ મૂકી શકો તેમ છો? શું આપ આપની આવક ક્યાં વધારી શકો છો? શું આપે આપના બચતનાં લક્ષ્યને બદલવાં જોઈએ?